R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 10 DATE: 05-03-16• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## કોર્ટ રચિત એસઆઇટીના ટોચના પોલિસ અધિકારી સતિષ વર્માના મતે ઇશરત જહાંનું માત્ર એન્કાઉન્ટર બોગસ નહોતું પરંતુ પ્લાનીંગ મર્ડર હતુ

ઈસરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલી કોર્ટ રચિત એસઆઈટીના ટોચના વડા પોલીસ અધિકારી સતિષ વર્માએ ભારપુર્વક જણાવ્યુ હતું કે આ એન્કાઉન્ટર તદ્દન બોગસ હતુ અને તેમની પર ચિદમ્બરનું ભારે દબાણ હતું તેવા આક્ષેપોમાં કોઈ દમ નથી.આઈપીએસ ઓફિસર અને એસઆઈટીના સભ્ય વર્માએ તેમની સામે આરવીએસ મણિએ કરેલા આક્ષેપોનું ખંડન કર્યુ હતું.મણિએ ગુજરાત હાઈકોર્ટમાં બીજી એફિડેવીટ ફાઈલ કરી હતી.તેમણે એવો આક્ષેપ કર્યો હોત કે વર્માએ તેમને ટોર્ચર કરીને તેમની પાસે સોગંદનામું કરાવ્યું હતું.ઈન્ડીયા ટુડે ટીવીને આપેલી મુલાકાતમાં વર્માએ કહ્યુ હતું કે ૧૯ વર્ષની છોકરીને મારી નાંખ્યા પછી તેને રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો ગણાવી શકાય નહીં.એ બાબત અત્યંત દુઃખદ છે કે અત્યંત ગેરકાયદે રીતે એક મર્ડર કેસમાં રાષ્ટ્રીય સુરક્ષાની બાબતને જોડી દેવામાં આવી રહી છે.આવું બની શકે નહીં. તેનાથી ચિંતા થાય તે સ્વાભાવિક છે એમ તેમણે કહ્યુ હતું.

સાંસદીય બાબતોના મંત્રી એમ.વૈકેયા નાયડુએ આરોપ મુક્યો હતો કે તે વખતની યુપીએ સરકાર તેના રાજકીય હરિફોને હેરાન કરવાના આશયથી અને ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવા માટે સીબીઆઈનો દુરપયોગ કર્યો હતો.

ગૃહમંત્રાલયના નિવૃત અંડર સેક્ટરી મણીએ એસઆઈટી ઓફિસર વર્મા પર ટોર્ચર કરવાનો, સિગારેટના ડામ દેવાનો આરોપ મુક્યો હતો.તેથી સતીષ વર્મા હવે જાહેરમાં આવીને તે વાતનુ ખંડન કરતાં મૌન તોડ્યું હતું.તેમણે કહ્યું હતું કે ઈશરત એન્કાઉન્ટરમાં પતાવી દેવામાં આવી નહોતી,પરતું તેનું સંપુર્ણ પ્લાનીંગ સાથે મર્ડર કરવામાં આવ્યું હતું એટલે કે પુર્વનિયોજીત હત્યા હતી.સતીષ વર્માએ ઈન્ડીયન એક્સપ્રેસને આપેલી મુલાકાતમાં કહ્યુ હતું કે અમારી તપાસમાં જાણવા મળ્યુ હતું કે એન્કાઉન્ટરના થોડા દિવસ પહેલાં જ આઈબીના અધિકારીઓ ઈશરત જહાં અને તેના ત્રણ સાથીઓને ઉઠાવી લીધા હતા.

વિચારવાની વાત એ છે કે એ વખતે પણ આઈબી પાસે એ બાબતના પુરાવા કે સંકેત ન હતા કે એક મહિલા ત્રાસવાદીઓ સાથે ભળેલી છે.આ લોકોને ગેરકાનુની રીત કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.અને પછી મારી નાંખવામાં આવ્યા હતા.અત્રે એ નોધનીય છે કે સતીષ વર્મા આ કેસની તપાસ માટે ગુજરાત હાઈકોર્ટ તરફથી બનાવેલી સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમના સભ્ય હતા.

સતીષ વર્માના જણાવ્યા પ્રમાણે ઈશરત અંગે કોઈ ઈનપુટ ન હતા આમ છતાં આ લોકોને ગેરકાનુની રીતે કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા અને બાદમાં પતાવી દેવામાં આવ્યા હતા.આઈજી રેન્કના ઓફિસર વર્માએ કહ્યું છે કે એક નિર્દોષ છોકરી અંગે રાષ્ટ્રવાદને સિક્યુરીટી સાથે જોડીને તર્ક આપવામાં આવી રહ્યો છે.આ થકી કેટલાક લોકો ખુદને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.વર્માએ ઈશરતને તોઈબાની ત્રાસવાદી માનવાનો પણ ઈન્કાર કર્યો છે. તેમણે કહ્યું છે કે ઈશરત જાવેદ શેખના સંપર્કમાં આવ્યાના ફકત ૧૦ દિવસ પહેલાં ઘરમાંથી ગાયબ થઈ હતી.વર્માએ તર્ક આપ્યો હતો કે તોઈબાના ત્રાસવાદીઓને સ્યુસાઈડ,બોમ્બર બનાવવા માટે લાંબો સમય લાગે છે.થ્રી નોટ થ્રી રાઈફલને ચલાવવા માટે પણ ઓછામાં ઓછા ૧૫ દિવસ લાગતા હોય છે.પરંતુ આટલો સમય તો ઈશરત ઘરની બહાર નહોતી રહી તો પછી તે ફિદાઈન કેવી રીતે બની ગઈ ?વર્માએ પુર્વ ગૃહ સચિવ જી.કે.પિલ્લાઈના એ દાવાને ફગાવી દીધો છે કે તેમને ઈશરત મામલાની સમગ્ર માહીતી હતી. વર્માએ કહ્યું હતું કે હું કોઈ ઈન્ટેલીજન્સ ઓફિસર નથી.તેમણે મણીના સિગારેટના ડામ દેવાના અને ટોર્ચર કરવાના દાવાને પણ ફગાવી દીધા છે.વર્માએ કહ્યું હતું કે મણીને તો આ કેસમાં સીધી માહીતી પણ ન હતી, કોઈપણ અધિકારી પર જબરજસ્તી કરવી એ કાયદા વિરુધ્ધનું છે.અને મણીએ જો ઈચ્છુ હોત તો તેઓ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી શકયા હોત.આ ઉપરાંત તેમણે કહ્યું કે ઈશરત આતંકવાદી છે એવા આક્ષેપો કરવાને બદલે મણીએ જરુરી પુરાવા આપવા જોઈએ.

અગ્રેજી વેબસાઈટ ડેઈલી મેઈલના જણાવ્યા પ્રમાણે ઈશરત મામલામાં ચિદમ્બરની ભુમિકાને લઈને સવાલો ઉઠી રહ્યા છે.પરંતુ મોદી આ મામલામાં તપાસ નથી ઈચ્છતા. જો કોગ્રેસ હંગામો કરે તો સરકાર દેશ સમક્ષ ઈશરત મામલાની સચ્ચાઈ રજુ કરશે.ઈશરત જહાં મામલાની તપાસ હાલ સીબીઆઈ પાસે છે.

બીજી તરફ આ કેસ ફસાયેલા આરોપી પોલીસ અધિકારીઓએ સુપ્રીમ કોર્ટમાં એક પિટિશન દાખલ કરી છે જેમાં માંગણી કરવામાં આવી છે કે આતંકી ડેવિડ હેડલીના નિવેદનને આધારે આ પોલીસ અધિકારીઓ વિરુધ્ધ જે કાર્યવાહી ઈશરત કેસ સબાંધી ચાલી રહી છે તેને રદ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટ આ અરજીની સુનાવણી માટે તૈયાર થઈ ગઈ છે.

આરોપી પોલીસ અધિકારીઓના વકીલે દલીલ કરતાં જણાવ્યુ હતું કે ઈશરત જહાં આતંકી હતી તે આતંકી હેડલીના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે.માટે જે પણ પોલીસ અધિકારીઓ વિરુધ્ધ ઈશરત કેશમાં ક્રિમિનલ પ્રોસિક્યુશન, સસ્પેશન કે અન્ય કાર્યવાહી ચાલી રહી છે તેને રદ કરવામાં આવે અને આ અરજીને અર્જન્ટ હીયરીંગ માટે હાથ પર લેવામાં આવે.જો કે સુપ્રીમ કોર્ટે આ અરજીને અરજન્ટ હીયરીંગ પર લેવાની ના પાડી હતી અને તેને લિસ્ટેડ થવા દેવા કહ્યુ હતું.

હાલમાં અમેરિકાની જેલમાં બંધ આતંકી ડેવિડ કોલમેન હેડલીએ થોડા દિવસ પહેલા વકીલ ઉજજવલ નિકમની સમક્ષ એવા ખુલાસાઓ કર્યા હતા કે ઈશરત જહાં લશ્કરે તોયબાની આતંકવાદી હતી.તેથી આતંકીને મારવી તે ગુનો નથી.હવે સુપ્રીમ કોર્ટે નક્કી કરવાનું રહે છે કે આ બોગસ એન્કાઉન્ટર હતું કે નહી?

## આખરે જેએનયુ વિદ્યાર્થી નેતા કનૈયાને કોર્ટે વચગાળાના શરતી જામીન આપ્યા



જેએનયુના વિદ્યાર્થી નેતા કનૈયાની ભારત વિરોધી સુત્રોચાર કરવા બદલ રાજદ્રોહનો કેસ દાખલ કરીને ધરપકડ કરાઈ હતી.જામીન માટેની સુનાવણી દરમિયાન કોર્ટે પોલીસની ઝાટકણી કાઢતા કહ્યુ હતું કે તમને ખ્યાલ છે કે દેશદ્રોહ કોને કહેવાય.પોલીસે સુનાવણી દરમિયાન કોર્ટને કહ્યુ હતું કે તેમની પાસે કનૈયાના દેશ વિરોધી સુત્રોચ્ચારનો કોઈ વીડીયો નથી.પણ કેટલાક સાક્ષી અને પુરાવાઓ છે.જેના કારણે ધરપકડ થઈ છે.૯ ફેબ્રુઆરીના દિવસે ઘટના ઘટી ત્યારે પોલીસ સાદા વેશમાં ત્યાં હાજર હતી.તો પછી પોલીસે શા માટે વીડીયોની રાહ જોવી પડી.કોર્ટમાં સુનાવણી દરમિયાન જેએનયુના સિક્યોરીટી અધિકારીએ જણાવ્યું હતું કે કનૈયાએ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યુ હતું.બીજી તરફ ૧૨ જેટલા સુરક્ષા કર્મીઓએ એમ જણાવ્યુ હતું કે ૧૫-૨૦ લોકો દેશ વિરોધી સુત્રોચ્ચાર કરી રહ્યા હતા. ત્યારે કનૈયો ત્યાં હાજર હતો.આ ઉપરાંત એક એબીવીપીના સભ્યે જણાવ્યુ હતું કે ૧૫-૨૦ લોકો સુત્રચ્ચાર કરતા હતા ત્યારે કનૈયો ત્યાં હાજર હતો.

જેએનયુના વિદ્યાર્થીઓએ દેશ વિરુધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા તેના વીડીયો પૈકીના ૭ વીડીયોમાંથી ૨ વીડીયોમાં ચેડા થયા હોવાનું ફોરેન્સીક તપાસમાં ખુલ્લુ થયું છે.ટ્વીટર પર થયેલા આક્ષેપોમાં આ વીડીયો ફરતા કરવામાં સ્મૃતિના નજીકના સાથી હોવાની શંકા કરવામાં આવી હતી.પરંતુ માનવ સંશાધન મંત્રાલયના કર્મચારીઓએ જણાવ્યુ હતું કે જેની સામે આક્ષેપો થયા છે તેની સાથે કોઈ અધિકૃત

## વેટીકનથી આવેલા ફાધર એડોલ્ફો નિકોલસનુ ગુજરાતમાં સ્વાગત

કેથોલીક સંપ્રદાયના મોવડીમાં સ્થાન ધરાવતા ફાધર એડોલ્ફો નિકોલસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે.ત્યારે તેમણે અમદાવાદની સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે મુલાકાત કરી હતી.વિદ્યાર્થીઓને મોટીવેશન કેવી રીતે પ્રાપ્ત કરવું અને જીવનમાં આગળ કેવી રીતે વધવું તે બાબતે જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

વેટિકનથી આવેલા ફાધર એડોલ્ફો નિકોલસનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું.તેઓ રોમન કેથોલિક સંપ્રદાયના ખુબ ઊંચા ગજાના પાદરી છે.કેથોલિક સંપ્રદાયના સૌથી મોટા ફાંટા સોસાયટી ઓફ જિસસના સુપિરીયર જનરલ છે.

ફાધર એડોલ્ફો નિકોલસ મુળ સ્પેનના વતની છે.તેઓની આયુ ૮૦ વર્ષની છે.તેઓ ૧૯૩૫થી આજસુધી કેથોલિક સંપ્રદાયની સાથે જોડાયેલા છે.તેમણે જાપાન સહિત અનેક સ્થળોએ ધર્મનો અભ્યાસ કર્યો છે.રોમમાં તેમણે થિયોલોજિકલ ડોકટરેટની ડીગ્રી પણ મેળવી છે.તેઓ દુનિયાની અનેક ભાષાઓ જાણે છે.તેઓ ગુજરાતમાં કલોલ,વડોદરાની પણ મુલાકાતે જનાર છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

બોગસ એન્કાઉન્ટરનો ઈશરત જહાંનો કેસ પેચીદો બની રહ્યો છે.બોગસ એન્કાઉન્ટર સાબિત કરનારા અને તેને સાબિત નતું અટકાવી દેવા સત્તાધારી અને સત્તાપરથી ઉતરી ગયેલા વચ્ચેનો ગજગ્રાહ ઉકળતા ચરુ જેવો દેખાઈ રહ્યો છે.સત્તાધારી પક્ષ એડીચોટીનું જોર લગાવી રહ્યો છે.વિવિધ બાજુએથી પસ્તાળ પાડીને ઈશરત જહાને આતંકવાદી સાબિત કરવા મથી રહ્યા છે.સત્તાધારી પક્ષે અનેક પ્યાદાઓને મેદાનમાં ઉતારીને યુપીએ સરકારના નેતાઓને ભીડાવી દીધા છે.જો કે આ એન્કાઉટર બોગસ હતું તેવી વાત કોર્ટ રચિત એસઆઈટીના ટોચના પોલીસ અધિકારીએ ભારપુર્વક કહી છે.જ્યારે હાલની સરકાર જે અધિકારીઓનો ઉલ્લેખ કરીને વાત કરી રહી છે તેઓ અદાણી પ્રોજેક્ટ સાથે સંકળાયેલા છે તેવું પણ ચોકાવનારુ નિવેદન ફરતું થયું છે.

જો એન્કાઉન્ટર બોગસ સાબિત થઈ જાય તો ગુજરાતના એ વખતના ફસાયેલા તમામ પોલીસ અધિકારીઓ જેઓ જેલમાં ગયા હતા તે તમામ અને તે વખતના રાજ્યના ટોચના નેતાઓ ફસાઈ શકે છે. આ તમામને બા ઈજ્જત બહાર કાઢવા હોય તો ઈશરત જહાને આતંકવાદી સાબિત કરી દેવાથી તમામ લોકો નિર્દોષ સાબિત થઈ જાય તેવો ખેલ દેખાઈ રહ્યો છે.આ ઉપરાંત આ કેસમાં યુપીએના નેતાઓને સંડોવી દઈને એક કાંકરે બે પક્ષી પાડવાનો ખેલ તૈયાર થઈ રહ્યો છે.

ખેર,બોગસ હતું કે સાચુ હતું તે વાતને વધુ પડતી ચગાવવામાં મીડીયાએ કોઈ કસર છોડી નથી.અદાલતો શું નિર્કષ પર પહોચે છે તે જોવું જરુરી છે.

હાલમાં બજેટમાં સરકારે મધ્યમવર્ગની બચત એવી ઈપીએપ અને પીપીએફ ટેકસ લાદવાની જે દરખાસ્ત મુકી છે તે કોઈપણ મધ્યમવર્ગીને માન્ય નથી.ખેર જે સરકારે મધ્યમવર્ગી અને ગરીબોને અચ્છે દિનનો વાયદો કર્યો હતો તેઓને આવા તઘલખી નિર્ણયથી સારો સંદેશ જતો નથી. સરકારનો ગ્રાફ નીચે ઉતરતો જાય છે. માત્ર તાળી પાડુ ચમચાઓની ભક્તિથી પોરસાતી સરકાર માટે કપરા ચઢાણ ચડવાના છે જે તેમને પાર કરતાં આંખે પાણી આવી જશે.તેમજ આવા નિર્ણયોથી સામાન્ય જનતા નારાજ થતી રહેશે.કેટલા પર દેશદ્રોહનો આરોપો મુકીને જેલમાં ધકેલી દેશો ? આ લોકશાહીનું મુંડન ક્યારે અટકશે એ સવાલ બહુ મોટો છે.

તાજેતરમાં ૨૫ જેટલા અમેરિકન સાંસદોએ વડાપ્રધાનને પત્ર લખીને દેશમાં ધાર્મિક લઘુમતિઓ પર થતા હિંસક હુમલાઓ બાબતે ધ્યાન દોર્યું છે.વડાપ્રધાનને આ બાબતમાં ખાસ ધ્યાન રાખીને નિર્ણયો લેવા જોઈએ અને કડકાઈથી દેશની છબી ખરડનારાઓ સામે કામ લેવું જોઈએ તેવી વાત લખવામાં આવી છે.દેશમાં કોમવાદનું ઝેર ફેલાવવામાં આવી રહ્યુ છે.અને કેટલાક નેતાઓ જાણીબુઝીને એવા નિવેદનો આપે છે કે જેનાથી કોમવાદ ફેલાય. સત્વરે વડાપ્રધાને તેમના નેતાઓને આવા નિવેદનો આપતાં રોકવા જોઈએ.આફતને અવસરમાં પલટી નાંખવાની કુશળતાને કારણે દેશમાં લોકોને સાચી માહિતી મળે ના મળે ત્યાં સુધી બાજી બદલાઈ જાય છે.લોકોના માનસપટ પરથી કેટલીક બાબતો ઝડપથી ભુંસાઈ જાય છે અથવા તો ખોટી માન્યતાઓ ઉભી થઈ જાય છે.આમ આફતોને અવસરમાં પલટી નાંખવાનુ રાજકારણ ક્યાં સુધી લોકો ચલાવશે અને ચાલશે તે કહેવું અધરુ છે પરંતુ તે પ્રમાણે ચાલી રહ્યું છે.સરમુખત્યારશાહીની વ્યાખ્યાને લોકશાહીમાં રુપાંતર કરવામાં આવી રહી છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તાજેતરમાં ના.પોપ ફ્રાંસિસે બહુ લોકપ્રિય બનેલ પરિપત્ર 'લૌદાતી સી'પ્રસિધ્ધ કરીને તથા ચાલુ વર્ષને 'દયાનું વર્ષ' જાહેર કરીને ભગવાન ઈસુના ઉપદેશનું હાર્દ ખરેખર શુ છે તે સૌ પ્રથમ તો રોમન કેથોલિક મતાવલંબીઓને તથા વિશ્વના સૌ ધાર્મિક લોકોને, સંપ્રદાયોથી પર ઉઠીને, ભગવાન ઈસુના ઉપદેશના કેન્દ્રમાં શું છે તે સ્પષ્ટ કહયું છે ને એ સમજાવ્યું છે. હાલ પર્યંત 'મારો સંપ્રદાય સાચો છે ', એમાં ધાર્મિક કલમો કઈ કઈ છે તેની યાદી અને તે ભુલી ન જવાય એ હેતુસર તેનું અવારનવાર રટણ... વગેરે ઉપર ભાર મુકવામાં આવતો હતો. ના.પોપે એ બધાથી પર રહીને 'ભગવાન તો બહુ દયાળુ છે',' એ કોઈનો વિનાશ ઈચ્છતો નથી'.... આ એક જ સંદેશો સતત સારાયે વિશ્વને આપ્યા કરે છે. અને ખાસ તો ઈસુના આ શબ્દો : ' હું ભુખ્યો હતો ત્યારે તે મને ખાવાનું આપ્યું, હું તરસ્યો હતો ત્યારે તે મને પાણી પાયું... મારા અદનામાં અદના માટે તે આ કર્યું એ મારા માટે જ કર્યું છે.' આ જ સાચો ધર્મ, અને સાચુ ધર્મપાલન છે,માણસોએ બનાવેલા વિવિધ પંથો ને સંપ્રદાયો નહી, એ સત્ય સહુના ગળે ઉતારવા માંગે છે.વિશ્વ જો આ સમજે ને જ્યારે સમજશે તો અને ત્યારે ધર્મના ઝગડા નહીં હોય અને બધે શાંતિ સ્થપાશે. આજે આપણી વચ્ચે ધર્મના નામે જે કરપીણ હત્યાઓ થાય છે, મોટા મોટા માનવસમુહોને પોતાના ઘરબાર ને વતનો છોડી દઈ નિરાશ્રીતો બનવું પડે છે તે આવી સમજને અભાવે છે. પોપ ફ્રાંસિસ આ ગેરસમજ મિટાવીને સાચી સમજ ફેલાવવા ઈચ્છે છે.

વરસો પહેલાં મને આ સંદર્ભે 'સર્વધર્મસમભાવ 'જે સુખદ અનુભવો થયા હતા. તેના સંભારણા થાય છે. ને નવક્રાંતિ, ગરવી નવક્રાંતિના સુજ્ઞ વાચકોને તેની લ્હાણી કરવાની તીવ્ર ઈચ્છા જાગી છે. આજના સંદર્ભમાં આ પ્રકારની વિચારસરણી અને ભાવના અત્યંત જરુરી ને તાકીદની છે. એ અલગ વાત.

# જયશ્રી કૃષ્ણ, સલામ આલેકુમ, ગુડ મોર્નીંગ

મારાજીવનમાં જે વિવિધ તબક્કાઓ આવ્યા છે તેમાં જેને અદકેરુ મહત્વ આપી શકું તેવો તબક્કો 'સર્વધર્મ સમભાવ' છે. એણે મારા જીવનનો રાહ સંપુર્ણ રીતે બદલી નાંખ્યો છે અને મને એક એવી દુનિયામાં લઈ ગયો છે કે જેમાં વાસો કરવાથી મને અનહદ-આનંદ અને સુખની સતત્ અનુભુતિ થાય છે. આ તબક્કો એવો છે કે જો એ પ્રાપ્ત ન થયો હોત તો જીવનમાં ઘણું ગુમાવ્યાનો અને ભારે વસવસો થયો હોત.

સને ૧૯૭૫માં નડિયાદમાં એનો આરંભ થયો. બાઈબલ અને ખ્રિસ્તી ધર્મવિદ્યાનો અભ્યાસ પુરો કરી, પુરોહિત દીક્ષા મેળવીને તાજોમાજો આવેલો. અહીની સેન્ટ મેરીસ હાઈસ્કુલમાં કિશોર કિશોરીઓને ભણાવવાની તથા તેમનુ જીવન ઘડતર કરવાની રોજ રોજની મનામણોનો આનંદ અનુભવતો. ખ્રિસ્તી ધર્મ અને ધર્મપાલન અંગેના મારા ખ્યાલો પ્રણાલિગત હતા અને એનો ચુસ્ત આગ્રહી હતો. ક્યારેક અને ક્યાંક એનો અંશમાત્ર લોપ થતો જોતો તો અત્યંત સંવેદનશીલ બની જતો અને મારો પુણ્યપ્રકોપ પ્રજવળી ઉઠતો.

આ સમય દરમિયાન નડિયાદમાં બે એક અપ્રિય ઘટનાઓ બનવા પામી. કોમી રમખાણ અને અનામત વિરોધી આંદોલનો.અમારુ એક નાનકડુ જુથ શિવુભાઈ દવે,એડવોકેટ નટવર પટેલ,સાહિત્યપ્રેમી ડો.વ્યાસ, જનસત્તાના પ્રતિનિધિ સ્વ. ભક્તિપ્રસાદ ત્રિવેદી..શહેરમાં શાંતિ સ્થપાય એ માટે પ્રયાસો કરતું હતું.ઓચિંતાના અમને સમાચાર મળ્યા કે, કેટલાક યુવાનોએ ભેગા મળીને શહેરની એક વસાહતને આંગ ચાંપવાની યોજના ઘડી છે.આ વાત સાંભળીને અમે ચોંકી ઉઠ્યા.કારણ, આગમાં ઘરવખરી જ નહીં, જીવંત માનવોનો સંહાર થવાનો હતો.અમે આ હોનારત થતી રોકવાના ઉકેલ શોધ્યા અને પ્રયાસો શરુ કર્યા.પરંતુ કંઈ વળ્યું નહી. છેવટે થાકીને અને શ્રી સંતરામ મહારાજનું શરણું લીધું.દયા,કરુણા અને માનવતાના અવતાર સમા મહારાજશ્રીએ અમારી હાજરીમાં જે જેને તેને બોલાવીને આવનાર દુર્ઘટનાને તાત્કાલીક રોકવા અનુરોધ કર્યો. એક જ ક્ષણમાં અમારી ચિંતાઓનો અસહ્ય બોજ મહારાજશ્રીએ ઉઠાવી લીધો. અમે ઘણી રાહત અનુભવી.

મારા જીવન ઉપર આ પ્રસંગની ઉંડી અસર થઈ જે ચિરસ્મરણીય બની રહી છે.અલગ અલગ ધાર્મિક માન્યતા ધરાવતા હોવા છતાં શુભ ભાવનાઓવાળા થોડાક જ જણ સમાજહિતાર્થે ભેગા થાય તો લોકોનું કેટલું બધું ભલું કરી શકે તેનો મારો આ પ્રત્યક્ષ અનુભવ હતો.

આ પ્રસંગથી ખાસ અને ત્યાર પછી અવારનવાર અમારા મિલનો, સંપર્કો, ચર્ચાઓ અને ગપ્પાંગપાટાને કારણે ધર્મ અંગેના મારા ખ્યાલો બદલાવા લાગ્યો. શરુમાં ઉલ્લેખ કર્યો તેવી મારી ધાર્મિક સંવેદનશીલતાના ગ્રાફનો કર્વ હવે નોર્મલ થવા લાગ્યો. એક ત્રાહિત વ્યક્તિ તરીકે જાણે હું 'મને ' નિહાળી રહ્યો હતો.

૧૯૮૩માં મારે સાબરકાંઠા વિસ્તારમાં જવાનું થયું. શૈક્ષણિક કાર્ય છોડીને સામાજિક પ્રવૃત્તિઓમાં ઝંપલાવ્યું. મોડાસામાં 'સંગાથ' સંસ્થા શરુ કરી. મોડાસામાં ખ્રિસ્તી વસાહતો અને ખ્રિસ્તી સમુહો જોવા મળે નહી. શરુમાં હું 'ગણેશ સોસાયટી' માં રહેતો હતો.પાડોશીઓ બધા જ હિંદુ પરિવારો. સવારે બ્રશ કરતો હોઉ, નાહીને બહાર ટુવાલ સુકવતો હોઉ, રસ્તે ક્યાંક જતો હોઉ ત્યારે' જે શ્રીકૃષ્ણ', 'જય સ્વામિનારાયણ', 'સલામ આલેકુમ', 'નમસ્તે', અને 'ગુડ મોર્નિંગ'.... અભિવાદનો ઝીલતો અને ઝીલવાતો બની ગયો.

**ફાધર વિલિયમ**


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


અનુ. પાન નં ૧ નુ ચાલુ

સબંધ નથી.આક્ષેપો અનુસાર આ વ્યક્તિને મંત્રાલયમાં ૩ માસ માટે નોકરીની ઓફર થઈ હતી જે માટે તેની શૈક્ષણિક લાયકાતમાં છુટ અપાઈ હતી.જો કે તેણે નોકરી સ્વીકારી નહોતી.તેણે કોઈ વિડીયો ફરતા કર્યા હોય તો તે તેની અંગત બાબત છે.

હવે કોઈની અંગત બાબત છે તેમ કહીને છુટી પડનારા મંત્રાલયે જેએનયુના વિદ્યાર્થીઓ સામે રાજદ્રોહનો જે આરોપ મુકાયો છે તે આ વીડીયોને આધારિત હતો.વિદ્યાર્થી નેતા કનૈયાને દિવસો સુધી જેલવાસ ભોગવવો પડ્યો.પરંતુ આખરે કોર્ટે કનૈયાને જામીન આપવાનો મોડો મોડો નિર્ણય કર્યો છે.અને વચગાળાના છ મહિનાના જામીન આપ્યા છે.હાઈકોર્ટે તપાસમાં સહકાર આપવા માટે અને જરુર પડે ત્યારે તપાસકર્તાઓ સમક્ષ હાજર થવાનું જણાવ્યું છે.કનૈયાની માતાએ કહ્યું હતું કે મારો પુત્ર આતંકવાદી નથી તે વાત વિશ્વ ટુંક સમયમાં જાણી લેશે.

ઓસ્ટ્રેલીયાની ચોવીસ વર્ષના મોજેટે દુનિયાભરના કીડી અને મંકોડાનો મોટો સંગ્રહ કરેલો છે.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

# આદીવાસી સમુદાયના સમુત્કર્ષ માટે અંદાજપત્રમાં રૂા.૧૭૭૯.૪૩ની જોગવાઇ

## પરંપરાગત આદિવાસી હાટ અને સંસ્કૃતિ સંવર્ધનથી રોજગારીને પ્રોત્સાહન

★૧૪,૦૦૦ આદિજાતી યુવક-યુવતીઓને વ્યવસાયિક તાલીમ આપવા તથા ધરમપુર ખાતે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરના નિર્માણ માટે રૂા.૧૧.૭૪ કરોડની જોગવાઇ

★વનબંધુ કલ્યાણ યોજના અંતગર્ત આદિજાતિના યુવક-યુવતીઓને રોજગારલક્ષી કૌશલ્ય તાલીમ :૪૧૬૨ યુવક-યુવતીઓને તાલીમબધ્ધ

★નોકરીઓમાં ભરતીની તકો પુરી પાડી રોજગાર સાથે જોડવાનો રાજ્ય સરકારનો સ્તુત્ય પ્રયાસ : પ્રયોજના વિસ્તારમાં આદિજાતિના શિક્ષિત યુવક-યુવતીઓને ગૌણ સેવા ભરતી, સરકારી નોકરીઓ અને બેકીંગ રીક્રુટમેન્ટની સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગ વર્ગો : વર્ષ ૨૦૧૫-૧૬માં ૫૨૫૪ યુવક-યુવતીઓને તાલીમ

★૮,૨૮૬ આદિજાતિ શિક્ષિત યુવક-યુવતીઓને પોલીસ તથા પેરામીલીટરી તાલીમ

★અનુસુચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોનું વેચાણ માટે યોગ્ય બજાર મળે અને આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે ૧૪ હાટ બજારો સ્થાપવાની યોજના મંજુર

★પીઠોરા પેઇન્ટીંગ, વાર્લી પેઇન્ટીંગના કલા વારસાને ઊજાગર કરવા તાલીમ અને સ્પર્ધાઓનું આયોજન : આ કલાશૈલીને વ્યવસાયિક સ્વરુપ આપી તેના સંવર્ધન માટે વિશેષ પ્રયાસો.

★આદિવાસી સંસ્કૃતિ અને કલા વારસાનું સંવર્ધન : વિશેષ કલા કારીગરી, હસ્તકલા અને નૃત્ય પરંપરાનો શહેરી વિસ્તારોમાં પ્રચાર-પ્રસાર થાય અને આદિવાસી કલાકારો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ થકી વ્યાપક રોજગારી મળી રહે તે હેતુથી વિશેષ ટ્રાયબલ ક્રાફ્ટ ટ્રેડ ફેરનું આયોજન

★રૂ.૩.૧૩ કરોડની જોગવાઇ સાથે આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે ઝાલોદ,ઉચ્છલ,વાલોડ,બોડેલી,વાંસદા,મોટાપૌઢા, મહેસાણા, ઇડર,વાઘોડીયા તથા લુણાવાડા ખાતે ૧૦ નવા સરકારી કન્યા છાત્રાલયો શરુ થશે.

**યોજનાકીય લાભો મેળવવા સંપર્ક કરો :**
**કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ,**
**બિરસા મુંડા ભવન,ગાંધીનગર**
**સબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી અને મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી.**

**“વનવાસી વિસ્તારો અને વનવાસી સમુદાયો સુધી વિકાસની નવતર આબોહવાનું નિર્માણ થયું છે, શિક્ષણ,રોજગારી,આર્થિક ઉન્નતિ અને સામાજિક ઉત્થાનની અનેકવિધ યોજનાઓ દ્વા આદિવાસી સમુદાય વિકાસની મુખ્ય ધારામાં આવ્યો છે. “**

શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

# રવિન્દ્રનાથ ટાગોર રાષ્ટ્રવાદના વિરોધી હોવાનો દાવો કરતા જેએનયુના પ્રોફેસર ચક્રવર્તી

રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રવિરોધ અંગે જેએનયુના પ્રોફેસર રણબીર ચક્રવર્તીએ જણાવ્યુ હતું કે આજકાલ બધું પરિભાષિત છે.કોણ રાષ્ટ્રવાદી અને કોણ રાષ્ટ્રવિરોધી છે તે નક્કી થઈ ગયેલું છે.અમે ટાગોર પાસેથી સવાલો કરતાં શીખ્યા છીએ. તેમણે કરેલ સવાલોએ અમને સવાલ કરવાની હિંમત આપી છે.તેઓ હંમેશા ધાર્મિક અને સાંપ્રદાયિક રાષ્ટ્રવાદના વિરોધી હતા.તેમણે શિક્ષણની શક્તિ પર ભાર મુક્યો હતો.

તેમણે કહ્યુ હતું કે રવિન્દ્રનાથ ટાગોર સ્વરાજને જાતિ અને ધર્મથી ઉપર માનતા હતા.રાષ્ટ્રવાદને વધારે મહત્વ આપ્યું હતું.તેમણે એમ પણ કહ્યુ હતું કે ટાગોર એ દેશો(ભારત, બંગલાદેશ) વિશે શું વિચારતા હશે જેમણે તેમના ગીતોને રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર્યા છે. ટાગોરને લોકો વધારે એટલા માટે જાણતા હતા કે તેઓ ભારત અને એશિયામાંથી નોબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા.તેમની કવિતાઓ ભયમુક્ત હતી. પ્રોફેસર ચક્રવર્તીએ કહ્યું હતું કે ડાગોરમાં ઘણી બાબતો વિરોધાભાસી હતી. તેમાંથી સૌથી મોટી બાબત એ હતી કે તેઓ રાષ્ટ્રવાદની હંમેશા ટીકા કરતા હતા.બે દેશ બાદ શ્રીલંકા પણ ત્રીજો દેશ છે જ્યાં તેમણે લખેલું ગીત રાષ્ટ્રગીત તરીકે ગવાય છે.રાષ્ટ્રવાદને સમર્થન આપ્યા વગર જ ટાગોર આ દેશોના રાષ્ટ્રગીત તરીકે જોડાયેલા હતા.મને અત્યારે શંકા છે કે તેઓ અત્યારના વાતાવરણમાં જીવિત હોત તો પોતાના ગીતોને રાષ્ટ્રગીત થવા દીધા હોત કે નહી ?તેમણે ‘જન મન ગણ’ રાષ્ટ્ર પ્રત્યેનું પોતાનુ સન્માન વ્યક્ત કરવા લખ્યું હતું.

# એશિયાનેટ ન્યુઝ ટીવીની મહિલા પત્રકાર પર બે હજાર ધમકીભર્યા ફોન આવ્યા

મહિસાસુર જયંતીના મુદ્દે કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીની સ્પીચ પર ચર્ચા કરવાનું સાહસ એક મલયાલમ ચેનલની મહિલા પત્રકારે કર્યું.એશિયાનેટ ન્યુઝ ટીવીની મહિલા એન્કર અને પત્રકાર સિંધુ સુર્યકુમારે મહિસાસુર અંગે સંસદમાં થયેલા હોબાળાને મુદ્દે એક ટોક શોનું આયોજ કર્યુ હતું.સિધુએ આ શો દરમિયાન ચર્ચા કરી હતી કે મહિસાસુર જયંતી ઉજવવાને દેશદ્રોહ ગણી શકાય કે નહીં ? આ ટોકશો બાદ તેણીને ૨૦૦૦ જેટલા ધમકી ભર્યા ફોન આવ્યા હતા.સુત્રોના જણાવ્યા મુજબ ગત અઠવાડિયે મહિસાસુર મુદ્દે કેન્દ્રીય મંત્રી સ્મ-તિ ઈરાનીએ જે નિવેદનો કર્યા હતા તેને સિંધુએ વાંચ્યા હતા અને તેના પર ચર્ચા કરી હતી. આ નિવેદનો વાંચ્યા બાદ તેને ધમકીઓ આવવાની શરુ થઈ ગઈ હતી.એક અંગ્રેજી અખબારના જણાવ્યા પ્રમાણે સિંધુએ ટોકશો કર્યા બાદ તેને અનેક ધમકીભર્યા કોલ આવવાના શરુ થયા હતા.ફોન કરનારા લોકો તેને ગંદી ગાળો પણ આપતા હતા.સિંધુએ પોલીસને ફરિયાદ કરતાં જણાવ્યુ હતું કે હિન્દુવાદી સંગઠનો અને તેના સમર્થકો દ્વારા આ ફોન કરવામાં આવ્યા હતા.આ લોકોએ ટોક શો દરમિયાન દુર્ગા દેવીને સેક્સ વર્કર કહેવાયા હોવાનો આરોપ પણ મુક્યો હતો.થ્રેટ કોલ અંગે સિધુની ફરિયાદ બાદ પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી હતી.

આમ વિચારોની અભિવ્યક્તિ સામે પણ કેટલાક સંગઠનો કાયદા વિરુધ્ધનું વર્તન કરે છે અને સરકાર લાચારી વ્યક્ત કરે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# એમ્પ્લોઇઝ પ્રોઇડંટ ફંડ પર સરકારે ટેક્સની દરખાસ્તે દેશના નોકરીયાત વર્ગમાંથી શ્રધ્ધા ગુમાવી દીધી

સરકારને ખર્ચા માટે નાંણા જોઈએ અને એ નાણાં ટેક્સ મારફતે મેળવવા પડે પરંતુ ટેક્સ એવી રીતે નંખાવવો જોઈએ કે જેથી સામાન્ય નાગરિકોની આંતરડી કકળે નહીં.અચ્છે દિનની મોટી મોટી વાતો કરનારાઓએ કોઈ જગ્યા બાકી નથી રાખી જ્યાંથી ટેકસની કાતર ફેરવી ના શકાય. પરિણામે તેમની ભાવો પર કાબુ મેળવવાની,મોઘવારી ઓછી કરવાની,ફુગાવો ઘટાવાની વાતો ખોટી પડી રહી છે. સરકારની તરફેણમાં સૌથી મોટું ઉજળુ પાસુ એ હતું કે આંતરરાષ્ટ્રીય સ્તર પર ખનીજ તેલોના બજારમાં આવેલી મંદીથી આયાત પર જે મોટી રકમ ખર્ચાતી હતી તેમાં કાપ પડ્યો અને સરકારને ફાયદો થયો. પરંતુ તે દેશના ગ્રાહકોને સુધી પહોચ્યો નહીં.અચ્છે દિનનું ગાજર હાલમાય લટકાવી રાખેલું છે.સરકારે જકાતમાં વધારો કરીને પોતાની તિજોરીઓ ભરવામાં કોઈ કચાસ રાખી નથી.

હવે માનવીય દષ્ટિકોણથી વિચારીએ તો ઈપીએફ પર કર લેવાની દરખાસ્ત માત્ર ઘૃણા ઉપજાવે તેવી છે.જો કે સરકારનો ભારે વિરોધ બાદ નાણાંમંત્રી આ બાબતે વિચારશે તેવું ગાજર લબડાવી દીંધુ છે.કર્મચારી પેન્શન ફંડ એ ભવિષ્યનિધિ તરીકે ઓળખાય છે.તેનો મુળભુત આશય જ ૫૮ કે ૬૦ વર્ષે નિવૃત થયા બાદ એ બચતમાંથી બીજું કાંઈ નહિ પણ આત્મસન્માનથી બે ટાઈમના ભોજનની વ્યવસ્થા થઈ શકે.વારે તહેવારે સામાન્ય ઉજવણી થઈ શકે.માંદગીના સમયે ડોકટરના સામાન્ય ખર્ચાને પહોચી વળાય.આ બધા હેતુને ધ્યાનમાં રાખીને જ એક નોકરિયાત તેની આખી કારકીર્દી દરમિયાન નાણાંભીડ સહન કરીને પણ પગારમાંથી કપાત કરાવતો રહે છે.અત્યાર સુધી તેની આ રકમ સૌથી સલામત માનવામાં આવતી હતી.માણસને વિશ્વાસ હતો કે કમસે કમ બચત તો થઈ રહી છે.તેના ઉપર થોડાઘણા વ્યાજ સાથે તેને એ મળી જશે.પરંતુ હવે ? સરકારે તેની પર તરાપ મારી ?!

બજેટમાં આ અંગેની દરખાસ્ત કર્યા પછી મોટાપાયે હોબાળો થતાં સરકારે આ બાબતે વિચારણા કરવાનું આશ્વાસન આપ્યું છે.અને ઈપીએફના ૦ ટકા ઉપાડના વ્યાજ પર ટેક્સ લાગશે.ઉપરાંત પ્રતિમાસ રુ.૧૫,૦૦૦થી ઓછી આવકવાળા પગારદારોને ટેકસના દાયરામાંથી બહાર રાખવામાં આવશે.પીપીએફમાંથી થતા ઉપાડ પર ટેકસ નહીં લાગે વગેરે ..વગેરે.પરંતુ સવાલ એ છે કે સમગ્ર કારકિર્દી દરમિયાન મહેનતથી બચાવેલી મુડી પર ટેકસ લેવાનો વિચાર જ સરકારને કેવી રીતે આવી શકે. આવકમાંથી તો ટેક્સ લીધો છે.બીજો અગત્યનો મુદ્દો એ છે કે કર્મચારીઓ તેની નોકરી દરમિયાન દર વર્ષે વધુ આવક હોય તો કાંતો ટેકસ ભર્યો જ છે.અથવા એ ટેક્સ બચાવવા વિવિધ યોજનાઓમાં બચત કરી છે.માની લો કે ૮૦-૯૦ ટકા કર્મચારીઓ ટેકસ બચાવવા માટે બચત કરતા રહે છે તો એ પણ એટલું જ સ્પષ્ટ છે કે બચત વિવિધ સરકારી યોજનાઓમાં જ થઈ છે.બચતના નામે વિવિધ ઈન્સ્ટ્રમેન્ટમાં જમા થતા નાણાં કરોડોમાં હોય છે અને એ રકમનો ઉપયોગ સરકાર જ કરે છે. તો પછી હવે ટુકડે ટુકડે બચાવેલી મુડીમાંથી પણ ભાગ પડાવવાનો ?

આપણો દેશ વેલ્ફેર સ્ટેટની કક્ષામાં આવતો નથી.દેશના દરેક દરેક નાગરિકના લઘુત્તમ સામાન્ય જીવનની કોઈ ખાતરી નથી.અમીર વધારે અમીર અને ગરીબ વધારે ગરીબ બનતો જાય છે.અને મધ્યમ વર્ગ બધી બાજુએથી પીસાતો જાય છે.એવી આ વ્યવસ્થામાં ઈપીએફ અને પીપીએફ અને સરકારી બોન્ડ એ બધું ખાસ કરીને મધ્યમવર્ગના નાગરિકો માટે તેનું સરેરાશ જીવનધોરણ ટકાવી રાખવા માટે આવશ્યક છે. એક તરફ સરકાર પોતે નાગરિકોને બચત કરવા પ્રોત્સાહિત કરે છે.નાગરિકોને બચત માટેના ઓપશન્સ પણ સરકાર આપે છે અનેપછી એ જ સરકાર આવકમાંથી પણ ભાગ પડાવે અને બચતમાંથી પણ ભાગ પડાવે ?

સવાલ માત્ર અર્થતંત્રનો નથી.સવાલ માત્ર આંકડાનો નથી.સવાલ માત્ર આવક-ખર્ચનો નથી.સવાલ માત્ર સરકાર બદમાશીનો છે.ગંભીર સવાલ સરકારની માનસિકતાનો છે.એક સમય હતો જ્યારે સર્વિસ સેકટરને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. આ સેકટરમાં આવતી કેટલીય સેવાઓને કરમાફી આપવામાં આવી હતી.પછી ધીમે ધીમે એ માફી બંધ કરવામાં આવી હતી. ત્યાં સુધી કોઈ વાંધો નહોતો.પરંતુ મુશ્કેલી હવે શરુ થઈ છે.હવે ભાગ્યે જ કોઈ સેવાને ટેકસના સંકજામાંથી મુક્ત રાખવામાં આવી હોય.આનુ પરિણામ એ આવે છે કે વિકાસના ફુલગુલાબી આંકડાની માયાજાળ છતાં પ્રજાને મોંઘવારીમાંથી તો છુટકારો મળતો જ નથી. તગડા પગાર મેળવતા સરકારી બાબુઓ પોતે તો બધી રીતે ધનિક થતા જશે. પરંતુ એ બાબુઓ મધ્યમવર્ગીની કમર તોડી નાંખે એવા તુક્કા આપીને આમ આદમીની ઘણી કુસેવા કરી રહ્યા છે.એવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

( સૌ. અલ્કેશ પટેલ- સંદેશ)

# અમેરીકી માનવઅધિકાર એકમ એચઆરડબલ્યુએ ભારતીય પ્રશાસનને જેએનયુના મુદ્દે અપીલ કરી

ટોચના અમેરિકી માનવઅધિકાર એકમ એચઆરડબલ્યુએ ભારતીય પ્રશાસને કહ્યુ કે તેઓ જેએનયુ વિદ્યાર્થી સંઘના નેતા કનૈયાકુમાર સહિત અન્ય શાતિપુર્ણ કાર્યકર્તાઓ પર રાષ્ટ્રદ્રોહનો આરોપ લગાવવાનું બંધ કરે.હ્યુમન રાઈટ્સ વોચે કહ્યુ કે ભારતીય પ્રશાસને તુરત તેઓ બધા આરોપને ખતમ કરી દેવા જોઈએ જે સ્વતંત્ર અભિવ્યક્તિના અધિકારનુ ઉલ્લંઘન કરે છે.અને કોર્ટની અંદર થયેલ હુમલાની તપાસ કરવી જોઈએ અને તેની સાથે સત્તારુઢ પાર્ટીના કોઈપણ સમર્થક સહિત ઘટના માટે જવાબદાર લોકો પર કેસ ચલાવવો જોઈએ.

સંગઠનના દક્ષિણ એશિયા બાબતોના નિર્દેશક મિનાક્ષી ગાંગુલીએ આરોપ લગાવ્યો, ભાજપ સરકાર શાંતિપુર્ણ અભિવ્યક્તિને દંડિત કરવા આતુર દેખાઈ રહી છે.પરંતુ રાષ્ટ્રવાદના નામ પર હિંસાને અંજામ આપનારા સમર્થકોની તપાસને માટે તેટલી આતુર નજર આવતી નથી.તેમણે કહ્યું કે પ્રશાસને માત્ર તે તપાસ કરવાની જરુરીયાત છે કે કોર્ટની અંદર હુમલામાં ભાજપ સમર્થક ક્યા પ્રકારે સામેલ હતા તે તપાસ કરવાની જરુરીયાત છે.પોલીસે કેમ કંઈ કર્યુ નહીં.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.